ટેન્ડર સાથે સંકળાયેલ નાણાંકીય
બાબતો અંગે તકેદારી રાખવા બાબત.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલસેવા ભવન, સે.૧૦ એ ગાંધીનગર
પરિપત્ર નં. એબી/૨૦૧૬-૧૭/પરિપત્ર/જનરલ/૭૫
તા. ૪/૦૨/૨૦૧૭

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, બોર્ડના તાબા હેઠળની ક્ષેત્રિય કચેરીઓ દ્વારા ટેન્ડરનો સ્વીકૃતિ પત્ર આપ્યા બાદ જે તકેદારી રાખવી જોઇએ તે રાખવામાં આવતી નથી. પરિણામે દરખાસ્તો ખુબ જ મોડી મંજુર થાય છે અને ઓડીટ પેરાઓ ઉપસ્થિત થાય છે તેથી નીચે જણાવેલ નાણાંકીય બાબતોની સુચનાઓનું ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

(૧) સુધારેલી વહીવટી મંજુરી જરૂરી હોય તો તે મેળવવાની પ્રક્રિયા સૌ પ્રથમ પુર્ણ કરવી.

(૨) સમય મર્યાદાનો વધારો સક્ષમ કક્ષાએથી મંજુર કરાવવાનો રહેશે. સમય મર્યાદા મંજુર ન થાય ત્યાં સુધી લીકવીડેટેડ ડેમેજીસ પેટે નિયમોનુસાર કપાત કરવાની રહેશે.

(૩) ટેન્ડરની શરતો મુજબ ઇજારદાર દ્વારા મુળ સમય મર્યાદા દરમ્યાન ભૌતિક કામગીરીમાં પ્રગતિ ન જળવાય તો તે અંગેની જરૂરી કપાત કરી ડીપોઝીટમાં રાખવાની રહેશે.

(૪) બેન્ક ગેરંટીની સમય મર્યાદા આગોતરી વધારી લેવડાવવાની રહેશે. જે કિસ્સામાં બેન્ક ગેરંટીની સમય મર્યાદા વધારવામાં આવેલ નહી હોય અને બેન્ક ગેરંટી રદ થયેલ હશે તો સબંધિત કર્મચારી/અધિકારીશ્રીની જવાબદારી રહેશે

(૫) કામમાં વધારો/વધારાની બાબત કામ શરૂ કરતા પહેલાં સક્ષમ કક્ષાએથી પુર્વ મંજુરી મેળવીને જ કરાવવાનું રહેશે. સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવેલ નહી હોય તેવી વધારો/વધારાની બાબતની મંજુરી અંગેની પડતર દરખાસ્તો દિન-૧૫ માં જરૂરી આધાર/પુરાવા/દસ્તાવેજો સાથે રજુ કરવા તાકીદ કરવામાં આવે છે. અતિ વિલંબથી રજૂ કરવામાં આવતી દરખાસ્તોને મંજુરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી. મંજૂરીની અપેક્ષાએ ઇજારદારશ્રીને ૭૫% ચુકવણું કરવાની પ્રથા સત્વરે બંધ કરવાની રહેશે.

(૬) ઉપરોકત મુદ્દા નં.૫ માં કામમાં જથ્થામાં વધારો/વધારાની બાબતના પરીણામે જે વધારાની રકમ ચુકવવાપાત્ર થશે તેને અનુરૂપ બેન્ક ગેરંટીની રકમ/સીકયોરીટી ડીપોઝીટની રકમ વધારાવાની રહેશે.

(૭) ટેન્ડરની તમામ શરતો પરિપુર્ણ થયા બાદ "ડીફેકટ લાયાબીલીટી પિરિયડ" પૂર્ણ થયા બાદ, કામ અંગેની કોઇ રજુઆત/ફરિયાદ/તપાસ બાકી નથી તે અંગેની તમામ

પ્રકારની ચકાસણી કર્યા બાદ જ પ્રોજેકટ ઇન્ચાર્જ દ્વારા સીકયોરીટી ડીપોઝીટ ટેન્ડરની શરતો અનુસાર પરત કરવાની રહેશે.

(૮) અધિક્ષક ઇજનેરશ્રી/મુખ્ય ઇજનેરશ્રી/સભ્ય સચિવશ્રી/માન.અધ્યક્ષશ્રી/ અગ્રસચિવશ્રી/ તકેદારી આયોગના અધિકારીશ્રીઓની સ્થળ મુલાકાત અન્વયે અપાયેલ નિરિક્ષણ નોંધની સુચનાઓને ગંભીરતાથી ધ્યાને લેવી. તેઓ દ્વારા જણાવાયેલ મુદ્દાઓની પુર્તતા સક્ષમ કક્ષાએ રજૂ કરી પૂર્તતા સ્વીકારાયેલ હોવાની વિગતો મેળવવાની રહેશે અને આ બાબતનો ઉલ્લેખ સબંધિત દરખાસ્તમાં કરવાનો રહેશે.

(૯) તા. ૨૮-૫-૨૦૦૭ નાં નાણાં નિયંત્રકશ્રીનાં સત્તા સોંપણીના પરીપત્રમાં દર્શાવેલ તમામ શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(તુષાર એમ. ધોળકિયા)
સભ્ય સચિવ

પ્રતિ,

(૧) મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧ વડોદરા/ઝોન-૨ અમદાવાદ, ઝોન-૩ રાજકોટ/ ઝોન-૪ ભુજ/ઝોન-૫ જુનાગઢ

(૨) મુખ્ય ઇજનેરશ્રી (ટેકનીકલ)/અર્બનસેલ,વડી કચેરી, ગાંધીનગર.

(૩) મુખ્ય ઇજનેરશ્રી (પ્લાં/મોની) વડી કચેરી, ગાંધીનગર.

(૪) મુખ્ય ઇજનેરશ્રી, (યાંત્રિક) વડી કચેરી, ગાંધીનગર.

(૫) મુખ્ય ઇજનેરશ્રી, (મટીરીયલ), વડી કચેરી, ગાંધીનગર

(૬) અધિક્ષક ઇજનેરશ્રી, તકેદારી સેલ, વડી કચેરી, ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના</u>

- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, વડી કચેરી, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી વડી કચેરી, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો તરફ વિદિત થવા વિનંતી.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લી. ગાંધીનગર તરફ વિદિત થવા વિનંતી.

<u>નકલ રવાના</u>

- નાણાં નિયંત્રકશ્રી, વડી કચેરી, ગાંધીનગર.
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, વડી કચેરી, ગાંધીનગર.